ઓકટોબર-૨૦૨૫ માસના પગાર ભથ્થા અને પેન્શનની વહેલી ચુકવણી કરવા બાબત

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૩-૬૪૮૨૫૨-ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૦/૧૦/૨૦૨૫

**વંચાણે લીધા:-**

(૧) નાણા વિભાગનો તા.૨૦/૪/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક:ટીજેઆર/૧૦૯૩/૩૮૦/ઝ

(૨) નાણા વિભાગનો તા.૧૩/૧૦/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક:ટીજેઆર/૧૦૯૩/૮૪૬/ઝ

**ઠરાવ:-**

તા.૧૩/૧૦/૧૯૯૩ના વંચાણે લીધેલ ઠરાવ નં.(૨) થી સરકારી કર્મચારીઓના પગાર જે માસના પગાર ભથ્થા ચુકવવાપાત્ર હોય તે પછીના માસના પ્રથમ ત્રણ કામકાજના દિવસો દરમિયાન સ્ટેગરીંગ પ્રથા અનુસાર ચુકવવાના હુકમો કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે દિવાળીનો તહેવાર તા.૨૦.૧૦.૨૦૨૫ ના રોજ હોઇ, કર્મચારીઓ અને પેન્શનરો આનંદ અને ઉત્સાહપૂર્વક આ તહેવાર ઉજવી શકે તે બાબતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ઓકટોબર-૨૦૨૫ માસના પગાર ભથ્થા તથા પેન્શનની ચુકવણી વહેલી કરવાનો નિર્ણય કરેલ છે.

ઉકત નિર્ણય અનુસાર ઓકટોબર-૨૦૨૫ માસના રાજ્ય સરકારના સરકારી કર્મચારીઓ/ પેન્શનરોના પગાર ભથ્થા/પેન્શનની ચુકવણી તા.૧૩/૧૦/૧૯૯૩ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે મહિનાના પ્રથમ ત્રણ કામકાજના દિવસોને બદલે, વંચાણમાં લીધેલ તા. ૨૦/૪/૧૯૯૩ના ઠરાવમાં છુટછાટ મુકીને તા.૧૪.૧૦.૨૦૨૫, તા.૧૫.૧૦.૨૦૫ અને તા.૧૬.૧૦.૨૦૨૫ દરમિયાન તબક્કાવાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ અનુદાનિત શૈક્ષણિક સંસ્થાઓના શૈક્ષણિક તેમજ બિન-શૈક્ષણિક કર્મચારીઓ, પંચાયત સેવાના કર્મચારીઓ તથા કરાર આધારિત નિમણૂક પામેલ કર્મચારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિતા રાઠોડ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
* માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
* માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, મંત્રીશ્રી(નાણા)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

Scanned with OKEN Scanner

- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુકત કચેરી, લોકાયુકત ભવન, ગાંધીનગર.

* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલ ઓડીટ–૧, ગુજરાત બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઈ), ગુજરાત, પો.બો.નં.૨૨૦, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઈ) ગુજરાત, અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ બોર્ડ/ નિગમ/ યુનિવર્સિટીઓ/ રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઈટ ઉપર મુકવા માટે
- સીલેકટ ફાઈલ – ઝ શાખા

---

*પત્ર દ્વારા